**ક્રિમીનલ કેસ નં.૪૬૮/૨૦૨૬**

**<u>આંક–૦૧ લગત હુકમ</u>**

(૧) હાલના કામના આરોપી સુરેશબહાદુર ઉર્ફે શુભમ નરબહાદુર સાઇ, હાલે રહે : ખજુરા હોટલ લેબર કવાર્ટર, ટંકારા, તા.ટંકારા, જી.મોરબી, મુળ રહે : હોટલ હેરી પંજાબી, મોરબી રોડ, ગ્રીન લેન્ડ ચોકડી, રાજકોટનાઓ વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનાનો આક્ષેપ છે.

(૨) આરોપી કોર્ટમાં હાજર થતા, તેમને વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપેલ અને આરોપી સ્વેચ્છાએ કબુલાત કરતા હોય, તેમને તે બાબતની સમજ આપી અને આરોપી સદર કબુલાત સ્વૈચ્છિક તથા કોઈપણ જાતના દબાણ વગર આપતા હોવાની ખાત્રી કરી સ્વીકારી તથા આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે.

(૩) આરોપી પોતાની ગુના અંગેની કબુલાત, કબુલાત પુરસીસથી જાહેર કરે છે કે, આ તેઓનો પ્રથમ ગુનો છે અને ભુતકાળમાં કોઈ ગુનો કરેલ નથી અને રજુઆત કરેલ છે કે, તેઓ ગરીબ વર્ગના છે અને તેમના પર કુટુંબની જવાબદારી છે તથા તેમને ગુનાનો પસ્તાવો છે અને તેને સુધરવાની તક મળે તે હેતુથી કબુલાત આપે છે. વધુમાં આ કબુલાત સ્વૈચ્છિક હોય અને તેઓ આ કૃત્ય બદલ પારાવાર પસ્તાવો કરતા હોય અને હવે પછી આવું કૃત્ય નહી કરવાનું કબુલાત પુરસીસથી જાહેર કરે છે.

(૪) આમ, હાલના કેસમાં કોર્ટ દ્વારા ના. ગુજરાત હાઈકોર્ટ ૨૦૦૫ (૧) જી. એલ. આર. ૭૦૯, ગુજરાત સ્ટેટ વિરૂધ્ધ નટવરસિંહ હરચંદજી ઠાકોરનો ચુકાદો ધ્યાને લઈ તથા આરોપીના સંજોગો ધ્યાને લઈ તેને સુધરવાની તક આપવી ન્યાયોચીત જણાતું હોય જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: આખરી હુકમ :–</u>**

આ કામના આરોપી સુરેશબહાદુર ઉર્ફે શુભમ નરબહાદુર સાઇ, હાલે રહે : ખજુરા હોટલ લેબર કવાર્ટર, ટંકારા, તા.ટંકારા, જી.મોરબી, મુળ રહે : હોટલ હેરી પંજાબી, મોરબી રોડ, ગ્રીન લેન્ડ ચોકડી, રાજકોટનાઓને ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ તારીખ : ૧૧ મી માહે : જુલાઇ સને : ૨૦૨૬ ના રોજ સ્પેશ્યલ સિટીંગમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૬
ટંકારા

(એચ. એચ. વિશ્નોઈ)
જયુડી.મેજી.ફ.કલાસ
ટંકારા
કોડ જીજે ૦૧૬૦૫